અગ્રતાક્રમ: **૦૯**

વિભાગ: આદિજાતિ વિકાસ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૧૯૭૦

# પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર

પ્રશ્નનું શિર્ષક: છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિભાગ હેઠળની નકલી સરકારી કચેરી.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ
તથા તેમનો મત વિસ્તાર: ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

## છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની નકલી સરકારી કચેરી

***15/4/1970 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| **૧.** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ખોટી / નકલી સરકારી કચેરી ઉભી કરી સરકારી ગ્રાન્ટ / રકમ મેળવવામાં આવી છે તે હકીકત સાચી છે, | ના, જી. |
| **૨.** | જો હા, તો કોના દ્વારા કેટલી સરકારી ગ્રાન્ટ / રકમ ગેરકાયદેસર મેળવી હોવાનું ક્યારે સામે આવ્યું, અને | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **૩.** | તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શાં પગલાં લેવામાં આવ્યાં? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## છોટાઉદેપુર જિલ્લામાં નકલી સરકારી કચેરી ઉભી કરી સરકારી ગ્રાન્ટ / રકમ ની ઉચાપત કરવા અંગે બ્રીફ નોંધ

- છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં મુખ્ય ૦૨ ઈસમો (અબુબકર જાકીરઅલી સૈયદ, રહે. વડોદરા અને સંદિપ રમેશભાઇ રાજપુત, રહે. વડોદરા) દ્વારા ખોટી કચેરીઓ ઉભી કરી, રાજ્યસેવક તરીકેની ખોટી ઓળખ આપી, સહી–સિક્કા બનાવી, ખોટી સહીઓ કરી, ખોટી દરખાસ્તો તૈયાર કરી આશરે કુલ રૂા.૨૧,૦૦,૦૦,૦૦૦ કરોડની રકમના નાણાં પોતાના આર્થિક ફાયદા સારૂ મેળવી સરકારશ્રીને આર્થિક નુકસાન પહોંચાડતા હોવાનું જણાઈ આવતા તેઓની વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર. નોંધવવામાં આવેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ થી વર્ષ ૨૦૨૨–૨૩ સુધી છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૦૬ ખોટી / નકલી સરકારી કચેરી ઉભી કરવામાં આવેલ હોવાનું જણાઈ આવેલ છે.
- એફ.આઈ.આર. નંબર ૧૧૧૮૪૦૦૨૨૩૧૦૨૦, તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ આઈ.પી.સી.ની કલમો ૧૨૦(બી),૧૭૦, ૪૦૬, ૪૦૯, ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે તેમજ છોટાઉદેપુર પોલીસ દ્વારા હાલમાં ૦૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.
- ઉક્ત ગુન્હાની વિગતે કુલ ૦૫ ઈસમો વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોવાથી તા.૨૦/૦૧/૨૦૨૪ ના મે.ચીફ.જ્યુડ.મેજી.સાહેબશ્રી છોટાઉદેપુર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો સી.સી. નંબર ૧૦૨/૨૦૨૪ છે.
- ઉક્ત ગુન્હામાં કુલ ૦૬ વિવિધ સંવર્ગના સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓની સંડોવણી હોવાનું ધ્યાને આવેલ છે. જેમાં કુલ ૦૨ નિવૃત અધિકારીશ્રીઓ સામે સી.આર.પી.સી. કલમ – ૧૯૭ મુજબ ચાર્જશીટ કરવા અંગેની મંજુરી આપવાની બાબત હાલ કાર્યવાહી હેઠળ છે તેમજ કુલ ૦૩ કર્મચારીશ્રીઓને ફરજમોકુફ કરી ચાર્જશીટ દાખલ કરવા મંજુરી આપવામાં આવેલ છે અને ૦૧ નિવૃત કર્મચારીશ્રી સામે ચાર્જશીટ દાખલ કરવા મંજુરી આપવામાં આવેલ છે.
- સદર પ્રકરણ હાલ ન્યાયિક તપાસ હેઠળ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૭૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

---

**પ્રશ્નઃ-(૧) છોટાઉદેપુર જિલ્લામાં ખોટી / નકલી સરકારી કચેરીઓ અન્વયે શાં પગલાં લેવામાં આવેલ છે?**

**જવાબઃ-** (૧) છોટાઉદેપુર જિલ્લાની ખોટી/નકલી સરકારી કચેરીઓ અન્વયે છેતરપીંડી કરનાર ઈસમો સામે તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ એફ.આઈ.આર. નંબર ૧૧૧૮૪૦૦૨૨૩૧૦૨૦, આઈ.પી.સી.ની કલમો ૧૨૦(બી),૧૭૦, ૪૦૬, ૪૦૯, ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે તેમજ છોટાઉદેપુર પોલીસ દ્વારા હાલમાં ૦૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત ગુન્હાની વિગતે કુલ ૦૫ ઈસમો વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોવાથી તા.૨૦/૦૧/૨૦૨૪ ના મે.ચીફ.જ્યુડ.મેજી.સાહેબશ્રી છોટાઉદેપુર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો સી.સી. નંબર ૧૦૨/૨૦૨૪ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૭૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી જયંતિભાઇ રાઠવા (જેતપુર પાવી)**

---

**પ્રશ્નઃ-(૨) છોટાઉદેપુર જિલ્લામાં ખોટી / નકલી સરકારી કચેરીઓ સંદર્ભે સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓની સામે પગલાં લીધેલ છે કે કેમ? જો હા, તો કેટલાં સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓની સામે કેવા પ્રકારના પગલાં લીધેલ છે?**

**જવાબઃ-** (૧) હા, છોટાઉદેપુર જિલ્લા ખાતે ફરજ બજાવતાં સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓની સામે પગલાં લીધેલ છે.

(૨) કુલ ૦૬ વિવિધ સંવર્ગના સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ સામે પગલાં લીધેલ છે. જેમાં કુલ ૦૨ નિવૃત અધિકારીશ્રીઓ સામે સી.આર.પી.સી. કલમ – ૧૯૭ મુજબ ચાર્જશીટ કરવા અંગેની મંજુરી આપવાની બાબત હાલ કાર્યવાહી હેઠળ છે તેમજ કુલ ૦૩ કર્મચારીશ્રીઓને ફરજમોકુફ કરી ચાર્જશીટ દાખલ કરવા મંજુરી આપવામાં આવેલ છે અને ૦૧ નિવૃત કર્મચારીશ્રી સામે ચાર્જશીટ દાખલ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

# પૂરક માહિતી

**પ્રશ્નઃ–** **છોટાઉદેપુર જિલ્લામાં ખોટી / નકલી સરકારી કચેરીઓ સંદર્ભે છેતરપીંડી કરનાર ઈસમો સામે કોઈ પગલાં લીધેલ છે કે કેમ? જો હા, તો કેવા પ્રકારના પગલાં લીધેલ છે?**

**જવાબઃ–** છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં ૦૨ ઈસમો દ્વારા ખોટી કચેરીઓ ઉભી કરી, રાજ્યસેવક તરીકેની ખોટી ઓળખ આપી, સહી–સિક્કા બનાવી, ખોટી સહીઓ કરી, ખોટી દરખાસ્તો તૈયાર કરી આશરે કુલ રૂા.૨૧ કરોડની રકમના નાણાં પોતાના આર્થિક ફાયદા સારૂ મેળવી સરકારશ્રીને આર્થિક નુકસાન પહોંચાડતા હોવાનું જણાઈ આવતા તેઓની વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર. નોંધવવામાં આવેલ છે.

અગ્રતા ક્રમઃ– (૯)
(૧) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)
(૨) શ્રી જયંતિભાઇ રાઠવા (જેતપુર પાવી)

છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસના તાબા હેઠળ ખોટી/નકલી સરકારી કચેરીઓ ઉભી કરવામાં આવેલ નથી પરંતુ, જે કંઇ ખોટી/નકલી સરકારી કચેરીઓ ભિભી કરવામાં આવેલ તે તમામ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ આવતી કચેરીઓના નામાભિધાન હેઠળ ખોટી(નકલી કચેરીઓ ઉભી કરવામાં આવેલ જેમા બે વ્યકિત (૧) (૨) આદિજાતિ વિભાગ હેઠળ આવતી ટ્રાયબલ એરિયા સબપ્લાન હેઠળ સિંચાઇના કામોના બહાના હેઠળ આ ખોટી /નકલી કચેરીઓ ઉભી કરવામાં આવેલ હોવાનું જણાય છે માત્ર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની ગ્રાન્ટ પ્રાયોજના વહીવટદાર, છોટઉદેપુર ટ્રાયબલ એરિયા સબ પ્લાનની કચેરીના કર્મચારીઓની મિલીભગતથી આવી ખોટી/નકલી કચેરીઓને ગ્રાન્ટ આપ્યાનું જણાય છે.

- વળી, જેવી આ બાબત ધ્યાન પર આવતાં તેમાં સંડોવાયેલ અધિકારીઓ/કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય શિસ્ત વિષયક તથા ફોજદારી રાહે કામ ચલવવા ફરિયાદ કરી, ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની ક–૧૯૭ હેઠળ તેઓ સામે ફોજદારી કામ ચલાવવા માટે આવશ્યક એવી Prosecution sanction મેળવીને આર્જશીટ ફાઇલ કરવા સહિતની કામગીરી ચાલુ છે.